## જન્મદિને વધામણી


તીર્થક ભાવેશકુમાર પટેલ
આકરૂન્દ, તા.ધનસુરા


પંકજભાઈ પી. પટેલ
(પ્રમુખ એલ.આઈ.સી. / પી.યુ.સી.-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી


ડૉ. દિપકભાઈ પટેલ
(આસ્થા ક્લિનિક-બાયડ)
બાયડ, જિ.અરવલ્લી


વિરેન અનિલભાઈ પટેલ
(નારાયણ નગર સોસાયટી, બાયડ)
બાયડ, જિ.અરવલ્લી


રોનક રાજુભાઈ પટેલ
બાયડ
(આણંદ)


મહેશભાઈ પટેલ
ડેમાઈ,
તા.બાયડ


ત્રિશા મેહૂલભાઈ ભોઈ
આકરૂન્દ,
તા.ધનસુરા


ઘરમાં રહો
સુરક્ષિત રહો

# રાજયમાં ત્રીજા દિવસે નવા કેસમાં ઘટાડો

## ગુજરાતમાં કોરોનાના નવા ૧૨૮૨૦ કેસ નોંધાયા અત્યાર સુધીમાં કુલ ૪૫૨૨૭૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૩
રાજયમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. રાજયના લોકો માટે સતત ત્રીજા દિવસે રાહતના સમાચાર છે. રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં મોટો ઘટાડો થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ હજારથી વધુ કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાર મહાનગરોમાં પણ હવે કોરોનાના નવા કેસમાં સામાન્ય ઘટાડો જોવા મળી રહ્યો છે.

ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. સતત



રસીકરણ છતાં કોઈ પણ પ્રકારે રાજયમાં કોરોના કાબુમાં નથી આવી રહ્યો. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨,૮૨૦ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૧૧,૯૯૯ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૪,૫૨,૨૭૫ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજયનો રિકવરી રેટ આજે ૭૪.૪૬ ટકાએ પહોંચ્યો હતો.

અત્યાર સુધીમાં ૯૫,૪૧,૩૯૧ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૨૬,૩૧,૮૨૦ વ્યક્તિઓનું બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૧,૨૫,૭૩,૨૧૧ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. આજે ૧૮ થી ૪૪ વર્ષ સુધીના ૨૭,૨૭૨ વ્યક્તિઓને પ્રથમ ડોઝનું રસીકરણ કરવામાં આવ્યું છે. તેમજ ૬૦ વર્ષથી વધુ વયના અને ૪૫-૬૦ વર્ષનાં કુલ ૩૬,૧૭૭ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૬૭,૩૬૮ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજયમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજયમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૪૭,૪૯૯ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૭૪૭

## કોરોના કોર્નર

- એમબીબીએસના નિવાસી તબીબો કોવિડ ડ્યુટીમાં જોડાશે.
- કોરોનાની ભયાનક લહેર વચ્ચે પણ વૈષ્ણોદેવી યાત્રા ચાલુ રહી.
- સુપ્રિમના સુચન છતાં કેન્દ્ર લોકડાઉન લાદવા નથી માંગતી.
- દિલ્હીના ફિરોજશાહ કોટલા ગ્રાઉન્ડના ૫ સ્ટાફને કોરોના.
- ઝાયડસ ગૃપના વાઈસ પ્રેસિડેન્ટ રોહિત જાનીનું નિધન.
- કેન્દ્રિય મંત્રી થાવરચંદ ગેહલોતની દીકરીનું કોરોનાની સારવાર દરમ્યાન હાર્ટ એટેકથી નિધન.
- દમણના પૂર્વ સાંસદ ડાહ્યાભાઈ પટેલનું કોરોનામાં નિધન.
- હાઈકોર્ટ એસોસીએશન દ્વારા આરટીપીસીઆર ટેસ્ટ માટે હાઈકોર્ટને સુચન.
- ઉત્તરપ્રદેશમાં કોરોના કરફ્યુ ૬ઠ્ઠી મે સવારે ૭.૦૦ વાગ્યા સુધી લંબાવાયુ.
- ઓક્સિજન પહોંચવામાં વિલંબ થતા કર્ણાટકની હોસ્પિટલમાં કોરોનાના ૨૪ દર્દીઓના મોત.
- કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ કોરોનાથી સંક્રમિત.
- ભાવનગરના સાંસદ ભારતીબેન શિયાળ કોરોનાથી સંક્રમિત.
- એસ.આર. ગૃપ દ્વારા ૧૦૦ બેડની કોવિડ હોસ્પિટલ આરંભાઈ.

# બાયડના વારેણા આશ્રમમાં ૫૫ બેડના કોવિડ આઈસોલેશન સેન્ટરને ખુલ્લું મૂકતા સી.આર.પાટીલ

## ભરતસિંહ રહેવર તેમજ રહેવર પરિવારની લાગણીને જાહેરમાં બિરદાવી, ઓક્સિજન સીલીન્ડરની સુવિધા ઉભી કરાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩
કોરોના બેલગામ બન્યો છે ત્યારે બાયડના વારેણા આશ્રમમાં ૫૫ બેડના કોવિડ આઈસોલેશન સેન્ટર સોમવારે ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલે ખુલ્લું મૂક્યું હતું તેઓએ કોરોનાની મહામારીમાં બાયડ પંથકના એક મહિનામાં ૨૫ થી વધુ લોકો મોતને ભેટ્યા છે. સેંકડો દર્દીઓ કોરોનાથી ચેપગ્રસ્ત બની હોસ્પિટલમાં તેમજ હોમ આઈસોલેશનમાં સારવાર લઈ રહ્યા છે. આ સંજોગોમાં અનેક પરિવારોના ઘરમાં પ્રાથમિક સુવિધા ન હોય તે સંજોગોમાં સરકાર દ્વારા




કોવિડ આઈસોલેશન સેન્ટરો શરૂ કરવામાં આવ્યા છે. બાયડ તાલુકાના વારેણા આશ્રમમાં ૫૫ બેડના કોવિડ આઈસોલેશન સેન્ટર તૈયાર થયા પછી ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષે તા.૩ ના રોજ દર્દીઓ માટે ખુલ્લું મૂક્યું છે. આઈસોલેશનમાં રહેનારા દર્દીઓ માટે સવાર-સાંજ જમવા તેમજ ચા-નાસ્તા સહિતની સુવિધા ઉભી કરવામાં આવી છે તેમજ પ્રથમ દિવસે જ ૧૦ જેટલી ગ્રામ પંચાયતોમાં કોરોના સામે રક્ષણ મેળવવા આયુર્વેદીક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. વારેણા આશ્રમમાં શરૂ થયેલ કોવિડ આઈસોલેશન સેન્ટર સ્વ.લાલસિંહજી કે. રહેવર ચેરીટેબલ ટ્રસ્ટ તથા અરવલ્લી જિલ્લા અને બાયડ ભાજપના સહયોગથી શરૂ થયું છે. કોવિડ આઈસોલેશન સેન્ટર ખુલ્લું મૂકાયું તે સમયે જિલ્લા સંગઠન પ્રભારી કુ.જયશ્રીબેન દેસાઈ, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલ, મહામંત્રી શૈલેષભાઈ ભોઈ, ભીખાજી ડામોર, અરવલ્લી જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ જીતેન્દ્રભાઈ પટેલ, શિક્ષણ સમિતિ ચેરમેન રમેશભાઈ પટેલ, બાયડ તાલુકા પંચાયત પ્રમુખ મંજુલાબેન સોલંકી, બાયડ શહેર ભાજપ પ્રમુખ સ્નેહલભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, મોડાસા નગરપાલિકા પ્રમુખ જલ્પાબેન ભાવસાર, બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માનસિંહ સોઢાપરમાર, મહામંત્રી મયુરભાઈ પટેલ, બાયડ શહેર ભાજપ સંગઠન મહામંત્રી બિપીનભાઈ પ્રજાપતિ, બાયડ તાલુકા ભાજપ સંગઠન મંત્રી મણીલાલ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કોવિડ-૧૯ની ગાઈડલાઈન મુજબ સિમિત કાર્યકરોની ઉપસ્થિતિમાં આઈસોલેશન સેન્ટર ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

હતી. જિલ્લા ભાજપ સંગઠન પૂર્વ પ્રમુખ, પ્રદેશ કારોબારી સભ્ય ભરતસિંહ રહેવરે આઈસોલેશન સેન્ટરમાં ઓક્સિજન ઉપલબ્ધ કરવા માટેની કટીબદ્ધતા વ્યક્ત કરી હતી અને સીલીન્ડરની વ્યવસ્થા કરવા બાયડ પાલિકાને અનુરોધ કર્યો છે.

દર્દીઓ કે જેમના ઘરે રહેવા માટેની અન્ય સુવિધા નથી તેવા દર્દીઓ માટે આઈસોલેશન સેન્ટર આશીર્વાદરૂપ બનશે તેમ જણાવી સ્વ.લાલસિંહજી કે. રહેવર ચેરીટેબલ ટ્રસ્ટ તથા ખાસ કરીને ભરતસિંહ રહેવરની પ્રજા માટેની લાગણીઓને જાહેરમાં બિરદાવી

ભાજપ સંગઠન દ્વારા કોરોનાના કપરા કાળમાં પણ પ્રજાની મદદ માટેની તત્પરતા દાખવવાની સાથે કોવિડ આઈસોલેશન સેન્ટરમાં ભાજપના અનેક આગેવાન કાર્યકરો મદદરૂપ થઈ રહ્યા છે. બાયડ તાલુકામાં કોરોના કાળમુખો બન્યો છે. છેલ્લા

## ભાજપના કાર્યકરો સેવા કરવા માટે સત્તા પ્રાપ્ત કરે છે : પ્રદેશ અધ્યક્ષ

બાયડ : ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલે સોમવારે બાયડના વારેણા આશ્રમમાં ૫૫ બેડના આઈસોલેશન સેન્ટર દર્દીઓ માટે ખુલ્લું મૂક્યું હતું તેઓએ જણાવ્યું કે ભાજપના કાર્યકરો ચૂંટણી



લડીને સત્તા પ્રાપ્ત કરે છે અને તે સત્તા લોકોની સેવા કરવા માટે હોય છે. અત્યારે કોંગ્રેસના એકપણ કાર્યકર કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા કરતા જોવા મળ્યા નથી. જ્યારે ભાજપના સાંસદ, ધારાસભ્ય અને પેજ પ્રમુખો અને સભ્યો પોતાની રીતે તેમજ એન.જી.ઓ. સંસ્થા સાથે મળીને કોરોનાગ્રસ્ત દર્દીઓ અને તેમના જોડે રહેનારાઓની સેવા કરે છે. પશ્ચિમ બંગાળમાં ભાજપની હાર મૂદ્દે તેઓએ જણાવ્યું કે જ્યાં સુધી બાંગ્લાદેશી ઘુસપેઠીયાઓ મતદારયાદીમાં છે ત્યાં સુધી પરિણામ બદલી શકવું મુશ્કેલ છે પરંતુ અમે ૩ થી ૭૬ બેઠક સુધી પહોંચ્યા છીએ જે ભાજપના કાર્યકરોને આભારી છે. ટી.એમ.સી.ના કાર્યકરોએ ભાજપના અનેક કાર્યકર્તાઓની હત્યા કરી છતાં નિર્ભયી બની ચૂંટણી પ્રચાર અભિયાન ચલાવ્યું હતું.

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનો નિર્ણય, કોરોનાની સારવાર લેનારા ધારાશાસ્ત્રીઓને રૂા.૯૦ લાખ ચૂકવાશે

## બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન અને તેમની ટીમના નિર્ણયને આવકાર્યો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩
બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ગુજરાતમાં કોરોનામાં મૃત્યુ પામનાર વેલ્ફેર ફંડના કાયમી ધારાશાસ્ત્રીઓને રૂા.૧ લાખ ત્વરીત ચૂકવવાનો તેમજ કોરોના મહામારીનો ભોગ બનેલા ધારાશાસ્ત્રીઓને હોસ્પિટલ અથવા હોમ આઈસોલેશનમાં સારવાર કરાવેલ હોય તો તેવા ધારાશાસ્ત્રીઓને તેમના મેડીકલ ખર્ચના પ્રમાણમાં રૂા.૩૦ હજાર સુધીની ત્વરીત ચૂકવણીનો નિર્ણય કરાયો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન હિરાભાઈ એસ. પટેલ(મોડાસા), બી.સી.આઈ. રૂલ-૪૦ કમીટીના ચેરમેન દિલીપ કે. પટેલ, સભ્ય દિપેન કે. દવે, કરણસિંહ બી. વાઘેલા, વાઈસ ચેરમેન શંકરસિંહ એસ. ગોહીલ તથા સભ્ય અનિલ કેલ્લાની સંયુક્ત મીટીંગ યોજાઈ જેમાં સંવેદનશીલ નિર્ણય લેવાતાં ચેરમેન અને તેમની ટીમના નિર્ણયને ધારાશાસ્ત્રીઓએ આવકાર્યો છે.



કોરોનાએ ધંધા-રોજગાર તબાહ કરવાની સાથે અનેક લોકોને ભરખી ગયો છે જેમાં ન્યાય અપાવવા માટે લડત લડતા અનેક ધારાશાસ્ત્રીઓ કોરોનાની મહામારીમાં મોતને ભેટ્યા છે તો કેટલાકને લાંબા સમય સુધી હોસ્પિટલ અને આઈસોલેશનમાં રહેવું પડ્યું હતું. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ૭૧૦ ધારાશાસ્ત્રીઓ કોરોનાથી અસરગ્રસ્ત થયાનું જણાઈ આવ્યું હતું જેમાંથી ૭૪ ધારાશાસ્ત્રીઓએ હોસ્પિટલમાં અને ૬૩૫ ધારાશાસ્ત્રીઓએ હોમ આઈસોલેશન સારવાર મેળવી હતી. તેમના મેડીકલ બીલોને ધ્યાને લઈ રૂા.૩૦ હજાર ત્વરીત ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો. જ્યારે અન્ય ધારાશાસ્ત્રીઓને તેમના દ્વારા કરવામાં આવેલા નિયત મેડીકલ ખર્ચની સહાય ચૂકવવાનો નિર્ણય થયો છે તેમજ આઈસોલેશનમાં મેડીકલ બીલ ન હોય તેવા કિસ્સામાં પણ દરેક ધારાશાસ્ત્રીઓને રૂા.૧૦ હજાર ત્વરીત ચૂકવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જે ધારાશાસ્ત્રીઓને રૂા.૩૦ હજાર ઉપરાંતનો મેડીકલ ખર્ચ થયેલ છે તેવા ધારાશાસ્ત્રીઓને બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ઈન્ડીજેન્ટ કમીટીને વધુ સહાય ચૂકવવા ભલામણ કરવામાં આવી છે. આમ બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ૯૦ લાખ જેટલી રકમ ત્વરીત તમામ કોરોના મહામારીનો ભોગ બનેલ ધારાશાસ્ત્રીઓને ચૂકવવાનો નિર્ણય કર્યો છે. કોરોના મહામારીમાં મૃત્યુ પામેલ ધારાશાસ્ત્રીઓની અરજી હાથ ઉપર લઈ તે અંગેનો નિર્ણય નક્કી કરવામાં આવ્યો છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં એન્ટિજન ટેસ્ટની અછત, સરકારી દવાખાનાઓ ઉપર લોકોનો રોષ

## રેપિડ ટેસ્ટ ઘટ્યા છતાં બંન્ને જિલ્લામાં પોઝિટિવ કેસમાં ઉછાળો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩
કોરોનાનું સંક્રમણ બેકાબુ બનતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં એન્ટિજન ટેસ્ટમાં વધારો કરવામાં આવ્યો હતો પરંતુ છેલ્લા ૮ દિવસથી જિલ્લામાં એન્ટિજન ટેસ્ટની અછતથી સરકારી દવાખાનાઓ ઉપર લોકોનો રોષ જોવા મળ્યો છે. સવારથી રેપિડ ટેસ્ટ માટે પ્રજા ગોઠવાઈ જાય છે પરંતુ જૂજ કિટ ફાળવી હોવાથી અનેક લોકોને ધોમધખતા તાપમાં ટેસ્ટ કરાવ્યા વગર પાછું ફરવું પડે છે. આશ્ચર્ય વચ્ચે રેપિડ ટેસ્ટ ઘટ્યા છતાં બંન્ને જિલ્લામાં પોઝિટિવ કેસમાં ઉછાળો અને મૃત્યુ દરમાં વધારો ચિંતાજનક ગણી શકાય.

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૬ લાખથી વધુની માનવ વસતીમાં માંડ જૂજ સંખ્યામાં લોકોના એન્ટિજન ટેસ્ટ કરવામાં આવ્યા છે. જે પણ કોઈ ટેસ્ટ કરવામાં આવ્યા તેમાં અત્યાર સુધી સરેરાશ ૩૨ ટકાથી લોકો કોરોના ચેપગ્રસ્ત હોવાનું જણાઈ આવ્યું. રેપિડ ટેસ્ટ પોઝિટિવ હોવા છતાં ડાંક્ટરો તેને ગંભીરતાથી લેતા નથી અને આવા પોઝિટિવ દર્દીને આર.ટી.પી.સી.આર. તેમજ સીટીસ્કેન રિપોર્ટ માટે રીફર કરવામાં આવે છે એનો મતલબ એ થયો કે એન્ટિજન ટેસ્ટની વિશ્વસનીયતા રહી નથી. બંન્ને જિલ્લામાં પાછલા ૧૦ દિવસમાં ૯૦ થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. જેના કારણે માથું દુઃખે, તાવ આવે, શરીરમાં કડતર થાય, અશક્તિ જણાય તો લોકો કોરોના થયો હશે તેમ માની સરકારી દવાખાનામાં ટેસ્ટ માટે જાગ્રત થયા છે જેના કારણે મોડાસા, હિંમતનગર, વિજયનગર, ભિલોડા, પોશીના, ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, તલોદ, પ્રાંતિજ, ધનસુરા, બાયડ, માલપુર, મેઘરજના તાલુકા મથક તેમજ ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહીક આરોગ્ય કેન્દ્રો, રેફરલ હોસ્પિટલ અને સબસેન્ટરોમાં સવાર અને સાંજે ટેસ્ટ માટે પ્રજા કતારમાં ખડકાય છે પરંતુ વિભાગ દ્વારા જૂજ કિટ અપાતી હોવાથી અનેક આરોગ્ય કેન્દ્રો ઉપર કર્મચારીઓ અને લોકો વચ્ચે ઉગ્રતા અને ઘર્ષણના દ્રશ્યો જોવા મળે છે. રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગે જિલ્લામાં પ્રજા એન્ટિજન ટેસ્ટ માટે તૈયાર થઈ છે ત્યારે માંગણી પ્રમાણે વધુ કિટ ફાળવવામાં આવે તેવી માંગ પ્રવર્તિ રહી છે.

# માનવતાનો ધર્મ : રણાસણની અંજલી હોસ્પિટલ દ્વારા હોમ ક્વોરન્ટાઈન કોરોના દર્દીઓને મફત કીટ, માર્ગદર્શન

## આજથી ૧૫ બેડનું હોમ આઈસોલેશન સેન્ટર શરૂ થશે

તલોદ, તા.૦૩
જિલ્લામાં કોરોના બેકાબુ બન્યો છે ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓ પાસેથી તગડી રકમ વસુલવાના આરોપ લાગ્યા છે ત્યારે તલોદના રણાસણની અંજલી હોસ્પિટલે દર્દીઓ માટે માનવતા દેખાડી છે. રણાસણ ગામમાં હોમ ક્વોરન્ટાઈન હોય તેવા દર્દીઓને દવાઓ સાથેની કીટ તેમજ ડિપોઝીટ લઈ પલ્સ ઓક્સીમીટર અને થર્મોમીટર આપવામાં આવશે અને આવા દર્દી સાથે વિડીયોકોલના માધ્યમથી વાર્તાલાપ કરી જરૂર હશે તો ડાંક્ટરો પાસે કાઉન્સેલિંગ કરાવી દર્દીઓને કોરોનામાંથી બહાર લાવવાના પ્રયાસ શરૂ કરવામાં આવ્યા છે જેની સમગ્ર જિલ્લામાં પ્રસંશા થઈ રહી છે જે દર્દીઓને ઘરે રહેવાની સગવડ નથી તેવા દર્દીઓ માટે અંજલી હોસ્પિટલ દ્વારા આજે મંગળવારથી ૧૫ બેડનું હોમ આઈસોલેશન સેન્ટર શરૂ થશે.

કોરોનાના કપરા કાળમાં ક્યાંક માનવતા દેખાઈ તો ક્યાંક માનવતા ભૂલાયાના દ્રશ્યો સામે આવ્યા છે. તલોદના રણાસણની અંજલી હોસ્પિટલની સેવાકીય પ્રવૃત્તિઓ સમગ્ર રાજયમાં સુવાસ પથરાવી રહી છે. ત્યારે કોરોનાના કપરા કાળમાં હોસ્પિટલ દ્વારા ફરી એકવાર રાષ્ટ્ર પ્રત્યે દાયીત્વ પ્રગટ કર્યું છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર માત્ર રણાસણ ગામના હોમ આઈસોલેશન રહેલા કોરોના દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તે માટે પ્રયત્ન શરૂ કર્યો છે જેમાં જરૂરી દવાઓની કીટ તેમજ કેટલીક સામગ્રી આપવામાં આવશે અને દર્દી કે તેમના સગા ચોક્કસ કલાકના અંતરે દર્દીના ઓક્સિજન લેવલ અને શરીરના તાપમાનનો ચાર્ટ બનાવી હોસ્પિટલને જણાવશે અને તેના આધારે દર્દીને કોઈ ડાંક્ટરના કાઉન્સેલિંગની જરૂર છે કે કેમ અને જરૂર હશે તો તે પણ ફ્રી સેવા કરવામાં આવશે. ડિપોઝીટથી લીધેલા પલ્સ ઓસીમીટર અને થર્મોમીટર દર્દી સાજા થયા પછી પરત લેવાશે અને ડિપોઝીટ પરત આપવામાં આવશે તેમ પણ જાણવા મળ્યું છે. જિલ્લામાં હોમ ક્વોરન્ટાઈન દર્દીઓની સારવાર કરતા અનેક ખાનગી તબીબો દર્દીઓ પાસેથી ૧૫ થી ૨૫ હજાર રૂા.ખંખેરી રહ્યા છે ત્યારે રણાસણની અંજલી હોસ્પિટલની સેવાઓ સાચા અર્થમાં બિરદાવવા યોગ્ય છે.

# કોરોના મોતનું તાંડવ : મેઘરજ તાલુકો ભગવાન ભરોસે, ઈસરીના કોવિડ કેર સેન્ટરમાં ઓક્સિજનની સુવિધા નથી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩
મેઘરજ તાલુકામાં કોરોનાનું મોતનું તાંડવ સામે આવ્યું છે. દરરોજના ૧૪ થી ૧૫ લોકોને કોરોના ભરખી રહ્યો છે છતાં તાલુકા મથક મેઘરજમાં કોવિડના દર્દીઓ માટે સારવારની કોઈ સુવિધા ઉપલબ્ધ કરી નથી. ઈસરી કોવિડ સેન્ટર શરૂ કરાયું પરંતુ ત્યાં ઓક્સિજનની સુવિધા નથી જેના કારણે તાજેતરમાં જ દર્દીનું મોત નિપજ્યું હતું. કોંગ્રેસના આગેવાન અને જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય જતિનભાઈ પંડ્યાએ આરોપ લગાવ્યો છે કે મેઘરજ તાલુકા સાથે તંત્ર ઓરમાયું વર્તન કરી રહ્યું છે. જિલ્લા કલેકટરને રજૂઆત છતાં પણ મેઘરજમાં કોવિડ કેર સેન્ટર શરૂ કરવા નિર્ણય લેવાયો નથી.

અરવલ્લી જિલ્લો કોરોનાના વિષચક્રમાં ફસાયો છે. દરરોજ અનેક લોકો મોતને ભેટે છે પરંતુ સરકારી દફતરે માંડ ૨ થી ૫ નો આંકડો દર્શાવાય છે

**કોંગ્રેસના આગેવાનના વહીવટી તંત્ર ઉપર ગંભીર આક્ષેપ**

પરંતુ સ્મશાન ગૃહના આંકડા વધુ ચિંતાજનક છે. પાછલા ૧૦ દિવસમાં મેઘરજ તાલુકામાં શંકાસ્પદ અને કોરોના પોઝિટિવ હોય તેવા ૪૦ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. સેંકડો લોકો હોમ આઈસોલેશનમાં છે અને અતિગંભીર દર્દીઓ વાત્રક, મોડાસા, હિંમતનગર, અમદાવાદની હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. ત્યારે મેઘરજ તાલુકામાં કોરોના બેકાબુ બન્યા પછી આ વિસ્તારના ગરીબ દર્દીઓને ઘરઆંગણે કોવિડ કેર સેન્ટરનો લાભ મળે તે માટે રજૂઆત કરવામાં આવી હતી પરંતુ જિલ્લા કલેક્ટરે રજૂઆતને ગંભીરતાપૂર્વક લીધી નથી અને ઈસરીમાં કોવિડ કેર સેન્ટર શરૂ કરાયું પરંતુ ત્યાં સુવિધાઓના બદલે અસુવિધાઓ હોવાથી દર્દીઓને હાલાકી પડે છે. જિલ્લા કલેક્ટરે આ વિસ્તારની ગરીબ પ્રજાનું હીત ધ્યાને રાખી તાબડતોબ મેઘરજમાં ઓક્સિજન સુવિધા સાથેનું કોવિડ કેર સેન્ટર શરૂ કરવામાં આવે તેવી મેઘરજના અગ્રણી જતિનભાઈ પંડ્યાએ માંગ કરી છે.

## અવસાન નોંધ



બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગ્રામ પંચાયતના સામાજીક ન્યાય સમિતિ અધ્યક્ષ રમણભાઈ ગોહેલ(નિવૃત્ત આચાર્ય : દેવપુરા પ્રા.શાળા), નવનીતલાલ ગોહેલ(પ્રા.શિક્ષક), મહેન્દ્રભાઈ ગોહેલ(પ્રા.શિક્ષક)નાં માતા હીરાબેન મગનભાઈ ગોહેલનું અવસાન થયેલ છે.



બાયડ : બાયડ તાલુકાના ગાબટ ગામના ઉમેશભાઈ પંડ્યા(પૂર્વ ઉપસરપંચ : ગાબટ ગ્રામ પંચાયત, મંત્રી : ગાબટ કેળવણી મંડળ), ચંદ્રવદનભાઈ પંડ્યા(નિવૃત્ત શિક્ષક : બાયડ હાઈસ્કુલ), સ્વ.કમલેશભાઈ પંડ્યા, જીજ્ઞેશભાઈ પંડ્યા(પૂર્વ ઉપસરપંચ : ગાબટ ગ્રામ પંચાયત)ના માતૃશ્રી કપિલાબેન રતિલાલ પંડ્યાનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિના કારણે બેસણું રાખેલ નથી. ટેલિફોનિક બેસણું તા.૬ મે. ગુરૂવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ રાખેલ છે.



બાયડ : મોડાસા તાલુકાના લીંભોઈ ગામના ભરતભાઈ પટેલના માતા મૂળીબેન દેવકરણભાઈ પટેલનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિના કારણે સદ્ગતનું ટેલિફોનિક બેસણું તા.૫ મે. બુધવારે સવારે ૯-૦૦ કલાકે રાખેલ છે.